# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-06-2025** **Morning : 7.10 to 7.20**

**Day : Friday** **Morning News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1) અમદાવાદમાં ભારે ઉલ્લાસ અને શ્રધ્ધાપૂર્વક ભગવાન જગન્નાથજીની રથયાત્રાનું પ્રસ્થાન.

2) આજે ભાવનગર , આણંદ અને પેટલાદમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રા નીકળશે.

3) આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે ઊંઝા ખાતેથી Td અને DPT (ત્રિગુણી) રસીકરણ અભિયાનનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો

4) 2029માં રમાનાર વિશ્વ પોલીસ અને ફાયર ગેમ્સ સ્પર્ધા WPFG અમદાવાદ, ગાંધીનગર અને એકતાનગરમાં યોજાશે.

5) રાજ્યનાં 170 તાલુકામાં વરસાદઃ જુનાગઢના માળિયા હાટીનામાં સાડા પાંચ ઇંચ વરસાદ

--------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# AHMEDABAD RATHYATRA

આજે અષાઢી બીજના પવિત્ર દિવસે અમદાવાદમાં ભારે ઉલ્લાસ અને શ્રધ્ધાપૂર્વક ભગવાન જગન્નાથજીની 148મી રથયાત્રા નીકળી રહી છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે સવારે જગન્નાથ મંદિર ખાતે મંગળા આરતી કરી હતી. આ પ્રસંગે ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી, સહકારી રાજ્ય મંત્રી જગદીશ વિશ્વકર્મા સહિતના નેતાઓ હાજર રહ્યા હતા.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જગન્નાથ મંદિર ખાતે પહિંદ વિધી કરાવ્યા બાદ ભગવાન જગન્નાથ, બહેન સુભદ્રા અને ભાઇ બલદેવજીનાં રથે પ્રસ્થાન કર્યું હતું.

આ અગાઉ ભગવાન જગન્નાથને પોલિસ દ્વારા ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. 16 કિલોમીટરની આ યાત્રાનાં દર્શન માટે શહેરીજનોમાં ભારે ઉલ્લાસ અને ઉમંગ જોવા મળી રહ્યો છે.

ગઇકાલે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જગન્નાથ મંદિરમાં સંધ્યા આરતી કરી હતી.

પ્રસ્તુત છે અમારા પ્રતિનિધીનો અહેવાલ..

(VOICE CAST -- ASHISH PANCHAL)

---

# RATH YATRA STATE

રાજ્યમાં કેટલાંક સ્થળોએ આજે રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આણંદ શહેરમાં ઇસ્કોન દ્વારા 21મી રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. ઇસ્કોન મંદિર, વલ્લભ વિદ્યાનગર દ્વારા ભાવિકોને 50 હજાર સાઠા પ્રસાદના પેકેટ અને વિદ્યાનગર શાસ્ત્રી ગ્રાઉન્ડમાં 11 હજાર ભાવિકોને ભોજન-પ્રસાદ આપવામાં આવશે.

આ રથયાત્રા આજે બપોરે 2:30 કલાકે પ્રસ્થાન થનારી યાત્રાનું મુખ્ય આકર્ષણ રંગોળી તેમજ હાથી અને હરિનામ કીર્તન છે.

આ ઉપરાંત પેટલાદ ખાતે છેલ્લા 100 વર્ષથી નીકળતી રણછોડજી મંદિરની રથયાત્રાનું બપોરે એક કલાકે પ્રસ્થાન કરવામાં આવશે.

પાટણ શહેરમાં ભગવાન જગન્નાથજીની 143મી ભવ્ય રથયાત્રા યોજાશે. જગદીશ મંદિર ખાતેથી બપોરે 2 વાગે આરતી પૂજા બાદ ચાંદી મઢેલા ત્રણ રથોમાં બિરાજમાંન થઈને ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રા અને ભાઇ બલભદ્રજી પાટણની નગરચર્યાએ નીકળી ભક્તોને દર્શન આપશે. 6 કિલોમીટર ના રૂટ પર રથયાત્રાના દર્શન માટે આવતા ભાવિકજનો માટે સેવા કેમ્પોના આયોજન કરવામાં આવ્યું છે.

રથયાત્રામાં મોટી સંખ્યામાં બેન્ડ, અખાડાના દાવ, ભજન મંડળીઓ, વિવિધ સંસ્થાના ટેબલોઝ, વિવિધ વેશભૂષા સહિતના અનેકવિધ આકર્ષણો છે.

**આ ઉપરાંત સિધ્ધપુરમાં પણ ભગવાન જગન્નાથજીની રથયાત્રા નીકળશે.**

**ભાવનગરમાં સવારે ૮ વાગે ભગવાનેશ્વર મહાદેવ મંદિરથી ભગવાન જગન્નાથજીની ૪૦મી રથયાત્રા નીકળશે, જે ૧૭.૫ કિલોમીટરના માર્ગ પર પસાર થઈને રાત્રે ૧૦ વાગે સુભાષનગર નિજ મંદિરે પરત ફરશે.**

**ભોઈ સમાજના યુવાનો દોરડા વડે રથને ખેંચીને ભગવાનને નગરયાત્રા કરાવશે.**

**અમદાવાદ બાદ ભાવનગરની રથયાત્રા રાજ્યમાં બીજી મોટી રથયાત્રા હોવાનું મનાય છે. રથયાત્રાના પ્રસ્થાન સમયે ભાવનગરના સાંસદ અને કેન્દ્રીય રાજ્ય મંત્રી નિમુબેન બાંભણીયા ઉપસ્થિત રહેશે.**

---

# SCHOOL ADMISSION

રાજ્યભરમાં ગઈકાલથી શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનો આરંભ થયો.

પ્રવેશોત્સવનાં પ્રથમ દિવસે ભાવનગરમાં શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળામાં ૧૭ નેત્રહીન બાળકોને ઢોલ નગારા સાથે પ્રવેશ આપવામાં આવ્યો.

સંસ્કૃત બોર્ડના ચેરમેન શ્રી હિમાંજય પાલીવાલે અમદાવાદમાં સાણંદ તાલુકાના ચાંગોદર ગામની ધોળેશ્વર પ્રાથમિક શાળાઓમાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો.

**આણંદ જિલ્લામાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમનાં પ્રથમ દિવસે 21 હજાર 400 વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો. અને જિલ્લા કલેકટરે ખંભાતની પી.એમ.શ્રી ઓ.એન.જી.સી.પ્રાથમિક શાળામાં  ભૂલકાંઓને શાળા પ્રવેશ કરાવ્યો.**

**કચ્છના અંજાર નગરપાલિકાની શાળા નંબર ૪ ખાતે ધારાસભ્ય ત્રિકમ છાંગાના અધ્યક્ષસ્થાને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. જે બાદ વિવિધ ગામોની પ્રાથમિક અને માધ્યમિક શાળામાં અધિકારીઓના હસ્તે બાળકોને શૈક્ષણિક કીટ આપીને શાળા પ્રવેશ કરાવાયો.**

---

# Rushikesh patel on Td - DPT

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે મહેસાણાના ઊંઝા ખાતેથી Td અને DPT (ત્રિગુણી) રસીકરણ અભિયાનનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો. કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ 2019થી ૧૦ વર્ષ અને ૧૬ વર્ષ નાં કિશોરો અને કિશોરીઓમાં ધનૂર અને ડિપ્થેરિયાની ટી.ડી રસીની શરૂઆત કરવામાં આવી હતી.

આ અભિયાનમાં રાજ્યની 992 રાષ્ટ્રીય  બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત કામ કરતી ટીમો  દ્વારા 47 હજારથી વધુ શાળાઓના અંદાજીત 18 લાખથી વધુ બાળકોનું રસીકરણ શાળાઓમાં 10 હજારથી વધુ આરોગ્ય ટીમ દ્વારા ટીડી સેશન યોજી રસીકરણ કરવામા આવશે. આ સાથે 4 લાખ જેટલા બાળવાટિકાઓના ૬ લાખથી વધુ બાળકોને ડીપીટી બૂસ્ટરનો બીજો ડોઝ આપવામાં આવશે.

---

# MANDVIYA AHMEDABAD

કેન્દ્રીય મંત્રી ડૉ.મનસુખ માંડવિયાએ ગઈકાલે અમદાવાદના ગોતામાં ભાજપ યુવા મોરચા દ્વારા આયોજિત યુવા સંસદના ઉદ્ઘાટન સમારોહમાં કટોકટીના વિષય પર યુવાનોને સંબોધન કર્યું હતું. તેમણે જણાવ્યું કે સરમુખત્યારશાહીનો તે સમયગાળો દેશવાસીઓ ક્યારેય ભૂલી શકશે નહીં. તેમણે ઉમેર્યું કે યુવાનો જ વિકસિત ભારતનું સ્વપ્ન પૂર્ણ કરશે.

## (બાઇટ: ડૉ.મનસુખ માંડવિયા, કેન્દ્રીય મંત્રી)

શ્રી માંડવિયાએ ગઈકાલે અમદાવાદમાં નારણપુરામાં સંવિધાન હત્યા દિવસ પર આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. ત્યારબાદ તેઓએ નવરંગપુરામાં 'મિસાવાસીની ડાયરી' પુસ્તકનું વિમોચન કર્યું હતું.

---

# Bhavnagar mock parlament

ભાવનગરમાં શહેર ભાજપ યુવા મોરચા દ્વારા શહેર ભાજપ અધ્યક્ષ કુમાર શાહના અધ્યક્ષસ્થાને મોતીબાગ ટાઉનહોલ ખાતે "મૉકપાર્લામેન્ટ" નું આયોજન કરવામાં આવ્યું હતું , જેમાં લોકસભા અધ્યક્ષ તરીકે ધ્રુવિષા બોરીસાગર તેમજ શાસકઅને વિરોધ પક્ષ તરીકે અન્ય વિદ્યાર્થીઓએ સંસદની કાર્યવાહી ચલાવી હતી. અને વિદ્યાર્થીઓએ વિવિધ રાજકીય પાત્રો ભજવીને વાસ્તવિક સંસદીય ચર્ચાની

અનુભૂતિ કરાવી હતી. આ મોકપાર્લામેન્ટમાં મેયર ભરત બારડસહિત અનેક અધિકારીઓ જોડાયા હતા.

---

# GUJARAT-WPFG

ભારત આગામી 2029 માં વિશ્વ પોલીસ અને ફાયર ગેમ્સની યજમાની માટે આપેલી બિડ મેળવી લીધી છે. જેથી ભારતમાં આ ગેમ્સનું આયોજન કરાશે. અમેરિકાના બર્મિંગહામમાં WPFG ફેડરેશન સમક્ષ ભારતીય પ્રતિનિધિઓ દ્વારા મજબૂત રજૂઆત કરાયા બાદ આ જાહેરાત કરવામાં આવી હતી. આ સ્પર્ધા ગુજરાતના અમદાવાદ, ગાંધીનગર અને એકતાનગરમાં યોજાશે.

દરમ્યાન ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સોશિયલ મીડિયા પોસ્ટમાં આ સ્પર્ધાની યજમાની અંગે ગુજરાત માટે ગર્વની ક્ષણ ગણાવી હતી અને વૈશ્વિક રમતગમત સ્થળ તરીકે રાજ્યની વધતી જતી પ્રતિષ્ઠા અંગે આનંદ વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું હતું કે રાજ્યને આ રમતગમત સ્પર્ધાનું આયોજન મળવું એ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના દૂરંદેશી નેતૃત્વને દર્શાવે છે.

વિશ્વ પોલીસ અને ફાયર ગેમ્સએ વિશ્વની સૌથી મોટી રમતગમત સ્પર્ધામાંની એક છે , જેમાં 70 થી વધુ દેશોના હજારો પોલીસ અધિકારીઓ , અગ્નિશામકો કર્મચારીઓ ભાગ લે છે. આ સ્પર્ધાનું સફળ આયોજન ગુજરાતને વિશ્વ કક્ષાની રમતગમત સ્પર્ધા માટે એક મુખ્ય સ્થળ તરીકે સ્થાપિત કરશે.

---

# RAIN

હવામાન વિભાગે આગામી 7 દિવસ રાજ્યમાં ભારે વરસાદની આગાહી કરી છે. દરિયા વિસ્તારમાં માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે.

આજે બનાસકાંઠા , પાટણ, સાબરકાંઠા, અરવલ્લી, મહિસાગર, નવસારી, વલસાડ અને દમણ, દાદરા નગર હવેલી અને સૌરાષ્ટ્ર-કચ્છના જિલ્લાઓમાં રાજકોટ, જૂનાગઢ અને કચ્છ જેવા જિલ્લાઓમાં છુટાછવાયા સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની શક્યતા છે.

આજે અમદાવાદ અને આસપાસના વિસ્તારોમાં હળવાથી મધ્યમ અને ગાજવીજ સાથે વરસાદ થવાની શક્યતા છે.

ગઇકાલે સૌથી વધુ વરસાદ જૂનાગઢના માળીયા હાટિયામાં 5.3ઇંચ , વિસવાદરમાં 4.65 ઇંચ ,સુરતમાં 4.70 , નવસારીમા 4.25 ઇંચ જયારે સુરતના બારડોલી અને કામરેજમાં3-3 ઇંચ ,પોરબંદરના રાણવાવમાં 3 ઇંચ વરસાદ નોંધાયો છે.

તો પાવાગઢ શક્તિ પીઠ ખાતે વર્ષાઋતુની વનરાજીના નયનરમ્ય દ્રશ્યો, ઠેર ઠેર ઝરણાં અને ધોધની મજા સાથે દર્શનનો લ્હાવો લેવા પ્રવાસીઓનો ધસારો જોવા મળ્યો હતો.

પોરબંદર સમગ્ર જિલ્લામાં 1 થી 3 ઇંચ વરસાદ નોંધાયો છે. બીજી તરફ ઉપરવાસમાં વરસેલા વરસાદને પગલે રાણા ખીરસરા ડેમના 2

દરવાજા 0.15 મીટર ખોલી નાખવામાં આવતા પોરબંદર જિલ્લાના 4 ગામને સાવચેત કરવામાં આવ્યા છે.

નવસારી તાલુકામાં SDRFની ટીમ તથા સ્થાનિક તંત્રે સંભવિત પુર અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી. નખત્રાણા ,ભુજ અબડાસા અને લખપત તાલુકામાં વરસાદ પડતાં વીજ પુરવઠો ખોરવાયો હતો.

સાબરકાંઠા જિલ્લામાં ઇડર ,વાદળી, ખેડબ્રહ્મા સહિતના પંથકમાં વીજળીના કડાકા સાથે વરસાદ વરસ્યો હતો.

---